# G20 Sherpa, Shri Piyush Goyal holds Special Briefing from Rome

October 30, 2021

# જી-20 શેરપા શ્રી પિયુષ ગોયલે રોમથી ખાસ બ્રિફિંગ કર્યું

ઓક્ટોબર 30, 2021

**જી-20 શિખર મંત્રણાની પૂર્વ સંધ્યાએ વૈશ્વિક પ્રશ્નો પર ભારતના નેતૃત્વ અને વિવિધ મુદ્દાઓ પર તેના મતને મજબૂત ટેકો મળ્યો છે - શ્રી પિયુષ ગોયલ**

**હાલમાં ચાલી રહેલી શેરપા બેઠકનો એજન્ડા રોમ ઘોષણાને અંતિમ રૂપ આપવાનો છે જેને જી-20 શિખર મંત્રણા ખાતે નેતાઓ દ્વારા સ્વીકારવામાં આવશે - શ્રી ગોયલ**

**ટેસ્ટિંગ અને રસીના પ્રમાણપત્ર સહિતના ટ્રાવેલ દસ્તાવેજોને પરસ્પર માન્યતા આપવા માટે જી-20 સહયોગીઓ તરફથી ટેકો મેળવવા બદલ આનંદિત છીએ. - શ્રી ગોયલ**

**ટકાઉ વિકાસ અને ખાદ્યાન્ન સુરક્ષા માટે, ભારતે એ બાબત પર ભાર મુક્યો છે કે આ નીતિઓમાં નાના અને સીમાંત ખેડૂતોના હિતો જળવાય, સ્થાનિક ફૂડ કલ્ચરની જાળવણી થવી જોઈએ જેનાથી ખાદ્યાન્ન સુરક્ષા સુનિશ્ચિત થશે. – શ્રી પિયુષ ગોયલ**

**ભારત વૈશ્વિક આબોહવા ક્રિયાને અનુરૂપ, લાંબા ગાળાના, કન્સેશનલ ક્લાઈમેટ ફાઈનાન્સ, સસ્તી અને ટકાઉ ટેક્નોલોજીની સગવડ અને ટકાઉ જીવનશૈલી અને જવાબદાર વપરાશ પેટર્નને અપનાવવાની પ્રતિબદ્ધતા જેવા નિર્ણાયક સમર્થકોની જરૂરિયાતને સમર્થન આપે છે - શ્રી ગોયલ**

**ભારત એ બાબતને સુનિશ્ચિત કરી રહ્યું છે કે કોવિડ પછીની આર્થિક રિકવરી માટેનો ટેકો અકાળે પાછો ખેંચી લેવામાં ન આવે અને સૌથી વધુ સંવેદનશીલ વર્ગોને જરૂરી સમર્થન આપવામાં આવે - શ્રી ગોયલ**

**ડેટ સર્વિસ સસ્પેન્શન પહેલને 2021ના અંત સુધી લંબાવવા માટે જી-20 સંમત થયું છે, જેનાથી વિશ્વભરમાં જરૂરિયાતમંદ અને નબળા લોકોને થોડી રાહત મળશે - શ્રી પીયૂષ ગોયલ**

શ્રી પીયૂષ ગોયલે રોમમાં 30-31 ઑક્ટોબરે આવનારી 16મી જી-20 સમિટમાં વડાપ્રધાન મોદીની સહભાગિતા અંગે અપડેટ્સ આપ્યા હતા.

"જી-20 એ વૈશ્વિક પ્રશ્નો પર ભારતના નેતૃત્વને સ્વીકાર્યું છે અને આગામી શિખર સંમેલનમાં આવનારા વ્યાપક

મુદ્દાઓ પર ભારતના મંતવ્યોનું સમર્થન કર્યું છે," શ્રી પિયુષ ગોયલે જી-20 શેરપાઓની ચાલી રહેલી બેઠક દરમિયાન મીડિયાને સંક્ષિપ્તમાં આમ જણાવ્યું હતું.

નોંધનીય છે કે વર્તમાન શેરપાઓની બેઠકનો એજન્ડા રોમ ઘોષણાને અંતિમ સ્વરૂપ આપવાનો છે, જે સમિટમાં ટોચના નેતાઓ દ્વારા અપનાવવામાં આવશે.

નોંધનીય છે કે ઇટાલીના વડાપ્રધાન મારિયો ડ્રેગીના આમંત્રણને માન આપીને વડાપ્રધાન મોદી વહેલી સવારે રોમ પહોંચ્યા છે. વડાપ્રધાનની આ 8મી જી-20 મંત્રણા છે.

શ્રી પીયૂષ ગોયલ જી-20 સમિટમાં પીએમની સહભાગિતા માટેની અંતિમ તૈયારીઓની દેખરેખ માટે છેલ્લા 3 દિવસથી રોમમાં છે.

શ્રી પીયૂષ ગોયલે ઇટાલીમાં 27-29 ઑક્ટોબર દરમિયાન 6ઠ્ઠી જી-20 શેરપાઓની બેઠકમાં ભાગ લીધો હતો અને તેમના ઘણા જી-20 સમકક્ષો (યુકે, જર્મની, ફ્રાન્સ, ઇયુ, ઇન્ડોનેશિયા અને સિંગાપોર) સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી.

શ્રી ગોયલે કહ્યું કે જી-20 આંતરરાષ્ટ્રીય સહયોગ માટે અગ્રણી વૈશ્વિક મંચ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે કહ્યું કે જી-20 વિશ્વના જીડીપીના 80%, વૈશ્વિક વેપારના 75% અને વિશ્વની 60% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે.

નોંધનીય છે કે ઇટાલી આ વર્ષે જી-20ની અધ્યક્ષતા સંભાળી રહ્યું છે - જેમાં 'લોકો, વિશ્વ, સમૃદ્ધિ' થીમ હેઠળ "રોગચાળામાંથી પુનઃપ્રાપ્તિ અને વૈશ્વિક આરોગ્ય શાસનને મજબૂત બનાવવું, આર્થિક પુનઃપ્રાપ્તિ અને સ્થિતિસ્થાપકતા, ક્લાઈમેટ ચેન્જ અને ઊર્જા સંક્રમણ અને ટકાઉ વિકાસ અને ખાદ્ય સુરક્ષા" પર ભાર મુકવામાં આવ્યો છે.

શ્રી ગોયલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે ભારત ઇટાલી દ્વારા પસંદ કરાયેલા પ્રાથમિકતા ક્ષેત્રોને સંપૂર્ણ સમર્થન આપે છે. તેમણે કહ્યું કે હાલમાં જ પૂર્ણ થયેલી શેરપાઓની બેઠકનો એજન્ડા રોમ ઘોષણાને અંતિમ સ્વરૂપ આપવાનો હતો, જેને જી-20 સમિટમાં નેતાઓ દ્વારા અપનાવવામાં આવશે.

મંત્રીએ કહ્યું કે જી-20 એ ભારતની સ્થિતિને સમર્થન આપ્યું છે કે વ્યાપક કોવિડ-19 રસીકરણ વૈશ્વિક જનહિત માટે છે અને તેઓ પરીક્ષણ અને રસી પ્રમાણપત્રો સહિત મુસાફરી દસ્તાવેજોની પરસ્પર માન્યતા અંગેના તેમના સૂચન માટે જી-20 સાથીદારોનો ટેકો મેળવીને ખુશ છે.

ટકાઉ વિકાસ અને ખાદ્ય સુરક્ષાના મુદ્દા પર તેમણે કહ્યું કે ભારતે એ બાબત પર ભાર મૂક્યો છે કે નીતિઓમાં નાના અને સીમાંત ખેડૂતોના હિતોનું રક્ષણ કરવું જોઈએ અને સ્થાનિક ખાદ્ય સંસ્કૃતિઓનું સંરક્ષણ કરવું જોઈએ જે તેના બદલામાં ખાદ્ય સુરક્ષામાં નોંધપાત્ર યોગદાન આપશે.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે આબોહવા પરિવર્તન અને પર્યાવરણના મામલે ભારતે વૈશ્વિક આબોહવા ક્રિયાને સક્રિય કરવા માટે નિર્ણાયક સમર્થકોની જરૂરિયાત પર ભારપૂર્વક વાત કરી છે જેમાં સુસંગત, લાંબા ગાળાના, રાહતદર ક્લાઈમેટ ફાઈનાન્સ, સસ્તી અને ટકાઉ ટેકનોલોજી સુધી પહોંચ અને ટકાઉ જીવનશૈલી અપનાવવાની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે. તેમાં ખાસ કરીને વિકસિત દેશો દ્વારા જવાબદાર વપરાશ અને ઉત્પાદન પેટર્ન અને એસડીજી-12 લક્ષ્યોને પૂર્ણ કરવાનું મહત્ત્વ સામેલ છે.

કોવિડ પછીની આર્થિક રિકવરી પ્રાપ્ત કરવાના મુદ્દા પર તેમણે કહ્યું કે, જી-20 ફ્રેમવર્ક વર્કિંગ ગ્રૂપના સહ-અધ્યક્ષ તરીકે ભારત એ બાબતની ખાતરી કરી રહ્યું છે કે અકાળે સમર્થન પાછું ન ખેંચાય અને સૌથી સંવેદનશીલ વર્ગોને જરૂરી સહાય પૂરી પાડવામાં આવે. જી-20 ડેટ સર્વિસ સસ્પેન્શન પહેલને 2021ના અંત સુધી લંબાવવા માટે સહમત થયા છે, જેનાથી જરૂરિયાતમંદ અને વિશ્વભરમાં સંવેદનશીલ લોકોને શ્વાસ લેવાની થોડી જગ્યા મળી છે.

શ્રી ગોયલે ઉમેર્યું હતું કે કર સુધારણાના મુદ્દા પર, ભારતે જી-20 ને નફાના ઉત્પાદનના સ્ત્રોત અને જ્યાં તેઓ પર કર લાદવામાં આવે છે તે અધિકારક્ષેત્ર વચ્ચેની અસંગતતાને દૂર કરવા પર ભાર મૂક્યો છે. મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ તેમની કામગીરીના દેશમાં લઘુત્તમ અસરકારક કોર્પોરેટ ટેક્સ ચૂકવે તે સુનિશ્ચિત થશે.

શ્રી ગોયલે વાટાઘાટોની વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર વિરોધી બાબતો પર ભારતે આ વર્ષે ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી જૂથના જી-20ના સહ અધ્યક્ષ તરીકે, સંપત્તિ પુનઃપ્રાપ્તિ, માહિતીની વહેંચણી, કાયદા અમલીકરણમાં સહકાર, ટેક્નોલોજી અને સેફ હેવન ન આપવા સંબંધિત 5 વિચારોમાં યોગદાન આપ્યું છે.

વાણિજ્ય અને ઉદ્યોગ કાપડ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રીએ મહિલા સશક્તિકરણ, શિક્ષણ અને રોજગાર સંબંધિત મુદ્દાઓ પર કહ્યું કે ભારત મહિલા સશક્તિકરણ પર જી-20 ના ભારને સમર્થન આપે છે. ભારતે લિંગ-આધારિત હિંસા સામે ભાષાના સમાવેશ માટે હિમાયત કરી છે અને 'રિમોટ વર્કિંગ વ્યવસ્થા' પર જી-20 ના નવા નીતિ માળખાને સમર્થન આપ્યું છે.

શ્રી ગોયલે આ પ્રસંગે ઉમેર્યું હતું કે, ભારતે પ્રવાસન ક્ષેત્રની રિકવરીના મહત્વ પર ભાર મૂક્યો છે, ખાસ કરીને આ ક્ષેત્ર પર કોવિડ-19ની અસરને જોતાં આ રિકવરી જરૂરી છે. સર્જનાત્મક અર્થતંત્ર અને સાંસ્કૃતિક વારસાની જાળવણી પર જી-20 એ આપેલા ધ્યાનને ભારત આવકારે છે.

મંત્રીએ જણાવ્યું હતું કે ભારતે ક્રોસ બોર્ડર ડેટા ફ્લો સાથે 'ડેટા ફ્રી ફ્લો વિથ ટ્રસ્ટ' નેરેટિવને સંતુલિત કરવાની અને વિકાસશીલ દેશોની વિકાસની આવશ્યકતાઓને સમાયોજિત કરવાની જરૂરિયાત પર ભારપૂર્વક દબાણ કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતે 'ડેટા ફોર ડેવલપમેન્ટ'ના ઉપયોગના મહત્વ પર ભાર મૂક્યો છે.

મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે જી-20માં ભારતનો અવાજ તમામ વિકાસશીલ દેશોનો ધ્વનિ રજૂ કરે છે.

તેમણે નોંધ્યું હતું કે તે 2020માં સાઉદી નેતૃત્વને પીએમ મોદીએ સૂચન કર્યું હતું અને તેના અનુસંધાને જી-20એ ગયા વર્ષે કોવિડ-19 પરિસ્થિતિ પર અસાધારણ બેઠક બોલાવી હતી.

આ વર્ષે ઇટાલીએ અફઘાનિસ્તાનમાં પેદા થયેલી માનવતાની કટોકટીને ઉકેલવા માટે જી-20 ના પ્રભાવનો લાભ લેવા એક ખાસ બેઠક બોલાવી હતી. જી-20 એ યુએન ચાર્ટર અને અન્ય સંબંધિત આંતરરાષ્ટ્રીય સાધનોમાં સમાવિષ્ટ સિદ્ધાંતો અનુસાર માનવ અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ, ખાસ કરીને અફઘાનિસ્તાનમાં મહિલાઓ, બાળકો, લઘુમતીઓ અને સંવેદનશીલ લોકોના અધિકારોની જાળવણી પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

શ્રી ગોયલે કહ્યું કે ભારત 1 ડિસેમ્બર, 2022-30 નવેમ્બર 2023 દરમિયાન જી-20 પ્રેસિડેન્સીમાં ભાગ લેવા જઈ રહ્યું છે અને આ વર્ષે ડિસેમ્બરમાં ટ્રોઈકામાં પ્રવેશ કરશે. તથા ભારત જી-20 ફોરમમાં વિકાસશીલ દેશો અને ઉભરતા બજાર અર્થતંત્રોના પ્રશ્નો અને તેમની ચિંતાઓનું નેતૃત્વ કરશે.

**રોમ**
**ઓક્ટોબર 29, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.